ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૫-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### મહાનાયકનું રાજતિલક

વિશ્વભરમાં દક્ષિણ એશિયાના સૌથી બળૂકા રાજપુરુષ તરીકે ઊપસી રહેલા ભારતના ગુજરાતી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિદ્યાગુરુ આચાર્ય રાસબિહારી મણિયાર મુંબઈના કાંદિવલી વિસ્તારના એમના નાનકડા ફ્લેટમાં રહ્યા રહ્યાં જીવનની સૌથી સુખદ ક્ષણો અનુભવી રહ્યા છે. એમનો નરેન્દ્ર આજે વિશ્વની સૌથી મોટી લોકશાહીનો કર્ણધાર બનવા જઈ રહ્યો છે. એક શિક્ષક માટે પોતાનો વિદ્યાર્થી પોતાની હયાતીમાં દેશનો વડાપ્રધાન બને, એથી વધુ ગર્વ લેવા જેવી બાબત બીજી કઈ હોઈ શકે? અદ્દલ એ જ રીતે ગાંધીનગરના સેકટર-૨૨ના એ સામાન્ય કર્મચારી નિવાસમાં નાના પુત્ર સાથે રહેતાં શતાયુ હીરાબા માટે પણ આ દિવસ એમની જિંદગીનું સૌથી સુખદ સંભારણું બની રહેવાનો છે. નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી બનીને આશીર્વાદ લેવા ગયેલા ત્યારે જ જાણે કોઈ દિવ્ય પ્રેરણાથી બોલી રહ્યા હોય એમ વૃદ્ધ માતૃશ્રી બોલી ઊઠેલાં : મારો દીકરો એક દિવસ દેશનો વડાપ્રધાન થશે! ગુજરાતનું રાજ ચલાવ્યું એમ આખા દેશનું શાસન ચલાવશે. બધાંનું ભલું કરશે અને દેશને ખૂબ ખૂબ આગળ લઈ જશે. શાસ્ત્રોમાં કહ્યું છે કે, પુત્રાત્ શિષ્યાત્ પરાજયમ્ । નરેન્દ્રભી પોતે તપસ્વી છે અને આવાં તપસ્વી ગુરુજનો- માતા-પિતાના એમના શિર પર ચારે હાથ છે. વિવાદની એરણે ચડેલાં જશોદાબહેન પણ એમના મનના માણીગર માટે બાધા રાખીને બેઠાં છે. નરેન્દ્ર મોદી માણસ કરતાં વિશેષ એક ઘટના છે. એ પુરુષાર્થનું મહાકાવ્ય છે અને જાહેરજીવનના મહાનાયક છે. એ સંકલ્પસિદ્ધિના પ્રતીકપુરુષ છે. નેપોલિયનની જેમ એમની ડિકશનરીમાં 'અશક્ય' શબ્દ છે જ નહીં. દેશને એમના બરના મહાનાયકની જાણે ચિરકાળથી પ્રતીક્ષા હતી. પરંતુ મહાનાયકના આગમન પૂર્વે નિયતિ એની લાલજાજમ પાથરતી હોય એમ મોદી માટે આવડા મોટા એકસો પચીસ કરોડના લોકતંત્રમાં જંગી બહુમતીથી ચૂંટાઈ આવવાની અનુકૂળતા કરી આપી! મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને અસલામતી જેવા મુદ્દાઓ સામે 'સબ દુ:ખો કી એક દવા' તરીકે ભારતના જનગણમને મોદી પર એકી અવાજે પસંદગી ઉતારી હોય ત્યારે દેખીતું છે કે અપેક્ષાઓના પહાડ વચ્ચે રાજતિલક યોજાતી વેળાએ દુનિયા આખીનું ધ્યાન દિલ્હી ભણી મંડાયેલું હશે. ભારતના ઈતિહાસમાં પહેલી જ વાર કોઈ સામાન્ય-પછાત વર્ગમાં જન્મેલા વ્યક્તિ એકલે હાથે પોતાના નામ આવડી મોટી બહુમતી લઈ આવી વડાપ્રધાનપદે બિરાજી રહેલ છે. વળી આ પક્ષ કોંગ્રેસથી સામા છેડાની વિચારધારાને વરેલા, હિંદુત્વના મુદ્દે જન્મેલો અને વિકસેલો પક્ષ છે. ૨૦૦૨નાં રમખાણોમાં થયેલ કહેવાતા નરસંહારમાં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે મોદી સામે દરેક દિશાએથી આંગળી ચીંધાઈ હતી. અમેરિકાએ તો એમને રીતસરની પ્રવેશબંધી ફરમાવી હતી. ઈસ્લામિક દેશોમાં અને તાલેબાન સહિતનાં કટ્ટરપંથી જૂથોમાં મોદીના માથા સાટે મોટાં ઈનામ જાહેર થયાં હતાં. આવો એક વિવાદાસ્પદ નેતા વિક્રમજનક બહુમતી સાથે દેશની ધુરાસંભાળવાના શપથ લેશે ત્યારે આખી દુનિયા આંખો ફાડીને આ ઘટના જોઈ રહેશે. વિશ્વના રાજદૂતો, સાર્ક દેશોના વડાઓ અને મીડિયાના ધુરંધરો આ ઘટનાના સાક્ષી બનશે. ભારતને 'સોનાની ચીડિયા' બનાવવાનો મોદીનો સંકલ્પ આજથી સાકાર થવાની દિશામાં આગળ વધશે. વિશ્વની મહાસત્તાઓ સામે આંખ ઝુકાવીને કે પાડોશીઓને આંખ બતાવીને નહીં, પરંતુ તમામની આંખ સાથે આંખ મિલાવીને ચાલવાની નીતિ સાથે મોદી યુગનાં મંડાણ થઈ રહ્યાં છે ત્યારે આપણે આપણા ગુજરાતી વડાપ્રધાનને 'શિવાસ્તે સન્તુ પંથાન:' કહી અંત:કરણની શુભેચ્છા પાઠવીએ.

# આગામી સપ્તાહમાં ધોરણ-૧૦, ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે

## જિલ્લામાંથી ૧૫ હજાર વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ની અને ૨૮ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી

ગાંધીનગર, તા. ૨૫

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય -વાહનું પરિણામ આગામી સપ્તાહ દરમિયાન જાહેર થશે જેમાં ધોરણ-૧૨ સામાન્ય -વાહનું પરિણામ તા.૩૧ મે ના રોજ તેમજ ધોરણ-૧૦ નું પરિણામ તા.૩ જુન ના રોજ જાહેર કરવામાં આવશે. જીલ્લામાંથી કુલ ૪૩ હજાર વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા આપી હતી.

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનું તબક્કાવાર પરિણામ જાહેર કરવામાં આવી રહ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ગત ૨૩ મે ના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન -વાહનું પરિણામ જાહેર કરાયું હતું. વિજ્ઞાન -વાહના વિદ્યાર્થીઓની ઈન્તજારીનો અંત આવ્યા બાદ હવે ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય -વાહના વિદ્યાર્થીઓની નજર પરિણામ તરફ મંડરાઈ છે. ધો-૧૨ વિજ્ઞાન -વાહના પરિણામની ઉંચી ટકાવારી બાદ અન્ય બોર્ડ પરીક્ષાઓનું પરિણામ કેટલા ટકા આવશે તે મામલે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતિત બન્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ કક્ષાએથી લેવાયેલી આ પરીક્ષાનું પરિણામ આગામી સપ્તાહમાં જાહેર કરી દેવાશે. બોર્ડના સુત્રોમાંથી -પ્ત થતી માહિતી અનુસાર ધો-૧૨ સામાન્ય -વાહનું પરિણામ તા.૩૧ મે ના રોજ જાહેર થશે. જયારે ધો-૧૦ નું પરિણામ આગામી તા.૩ જુન ના રોજ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી અંદાજીત ૧૫ હજાર વિદ્યાર્થીઓએ ધો-૧૨ સામાન્ય -વાહની પરીક્ષા આપી હતી. જયારે ૨૮ હજાર વિદ્યાર્થીઓએ ધો-૧૦ ની પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેશ નોંધાયો ન હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. વિજ્ઞાન -વાહના પરિણામ બાદ ધો-૧૦ અને ૧૨ ના બોર્ડ પરીક્ષાના પરિણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજના -બળ બની છે.

# વેકેશનમાં ૭૫ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનલક્ષી વિવિધ મોડલો બનાવ્યા

ગાંધીનગર, તા.૨૪

વેકેશનમાં ધીંગા મસ્તી કરતા બાળકોએ વેકેશનનો સદઉપયોગ કરી વિજ્ઞાનલક્ષી માહિતી પુરી પાડવા વર્કશોપમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ આઠ દિવસીય સાયન્સ



વર્કશોપમાં વિજ્ઞાનલક્ષી વિવિધ મોડેલ બનાવી જાણકારી મેળવી હતી.

સેકટર-૨૩માં આવેલી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશન દરમિયાન વેકેશન વિજ્ઞાન સંગ સાયન્સ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા ગત તા. ૧૪ મે થી તા. ૨૨ મે દરમિયાન વર્કશોપનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને સાયન્સને લગતી વિવિધ માહિતી આપવામાં આવી હતી.

વર્કશોપમાં વિદ્યાર્થીઓએ મોડલ રોકેટરી, એરો મોડેલીંગ, ટેનગ્રામ, ગણિત મોડલ, મેપસ્ટીક, સાયન્સ મેઝીક, ઈલેકટ્રોનિકસ મોડલ, બાયોટેકનોલોજીના મોડલ વિદ્યાર્થીઓ તજજ્ઞોની મદદથી બનાવતા શીખ્યા હતા. વર્કશોપમાં એરોકેટ રોકેટ કેટલી ઉંચાઈએ જાય છે અને કેવી રીતે કાર્યકરે છે તેનું જાતનિરીક્ષણ કરી માહિતી મેળવી હતી.

સમર વર્કશોપમાં જોડાયેલા ૭૫ વિદ્યાર્થીઓએ પોતાની આત્મસૂઝ દ્વારા વિવિધ મોડલ બનાવી તજજ્ઞોને પણ અચંબિત કરી દીધા હતા. વિદ્યાર્થીઓને રામમોહનસિંહ ભદોરિયા, ઉમિયાસ પટેલ, હાર્દિક ભટ્ટ, હાદુ પટેલ, મિત પટેલ દ્વારા વિવિધ મોડલની જાણકારી આપી હતી તેમજ પ્રયોગો કરી બતાવ્યા હતા.



બાયોટેકનોલોજી વર્કશોપમાં ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી ડાયરેકટર ડૉ. અક્ષય સકસેના, ડૉ. માધવી જોષી, ડૉ. સુમીત વ્યાસ, મિલોની શાહ દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને મિત પટેલે જહેમત ઉઠાવી હતી.



## હરિની દૃષ્ટિ...




ટિફીન બે દિવસ ચાલે એટલું છે ને ...? જરૂર પડ્યે કાલુપુર રેલવે સ્ટેશને જ હોઇશ... કોઇ પૂછે તો કહેજે શપથ સમારોહમાં ખાસ આમંત્રણમાં ગયો છું...!!

# ગુજરાત સોકર ફુટસાલ ફેસ્ટીવલ ૨૦૧૪નું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સોકર ફુટસાલ ફેસ્ટીવલ-૨૦૧૪નું આયોજન થઈ ચુક્યું છે અને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિવિધ વયજુથના ખેલાડીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ સ્પર્ધાનો પ્રારંભ તા. ૧૫મી જૂનથી અમદાવાદના નરોડા રોડ પર મેમ્કો ચાર રસ્તા પાસે આવેલ વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે થશે.

એક તરફ વિશ્વમાં ફિફા વર્લ્ડકપ-૨૦૧૪ની ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે ગુજરાતના સોકર પ્રેમી ખેલાડીઓ માટે આનંદના સમાચાર છે કે ગુજરાત રાજ્ય સોકર ફુટસાલ એસોસિએશન દ્વારા ગુજરાત સોકર ફુટસાલ ફેસ્ટીવલ-૨૦૧૪નું આયોજન કરાયું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિવિધ વયજુથ જેવા કે અન્ડર ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦ અને ઓપન વર્ગમાં છોકરાઓ, છોકરીઓ, પુરુષો અને મહિલાઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા ડે એન્ડ નાઈટ શીડ્યુલમાં રમાડવામાં આવનાર છે. આ સ્પર્ધાની ખૂબી એ છે કે તેમાં લોટરી દ્વારા દરેક ટીમને ફિફા વર્લ્ડકપની સ્પર્ધામાં ભાગ લઈ રહેલા વિવિધ દેશના નામ આપવામાં આવશે.

# વિકલાંગ વ્યવસાયિક પુર્નવાસ કેન્દ્ર દ્વારા વિકલાંગો માટે નિ:શુલ્ક તાલીમ કોર્સનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા સંચાલિત વિકલાંગ વ્યવસાયિક પુર્નવાસ કેન્દ્ર દ્વારા નિ:શુલ્ક વ્યવસાયિક તાલીમના વિવિધ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવૈધિક તાલીમ વર્ગો માટે વિકલાંગો પાસેથી ઉમેદવારીપત્રો આમંત્રિત કરાયા છે. આ માટે કુબેરનગરની આઈટીઆઈ કેમ્પસમાં આવેલ કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

વિકલાંગ વ્યવસાયિક પુર્નવાસ કેન્દ્ર દ્વારા વિકલાંગો આર્થિક રીતે વ્યવસાય કરીને પગભર બની શકે તે માટે વિવિધ તાલીમ કોર્સીસનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોર્સમાં ઓટો રીપેર, મેટલ (ટર્નર-ફીટર), આર્મેચર અને કોઈલવાઈડીંગ અને રેફ્રિજનરેશન અને એરકન્ડીશનીંગનો સમાવેશ થાય છે. આ કોર્સમાં દાખલ થવા માટેની વય મર્યાદા ૧૬ વર્ષથી ૫૦ વર્ષની રાખવામાં આવી છે અને તે માટેની શૈક્ષણિક લાયકાતમાં શિક્ષિત, અશિક્ષિત તમામને મનોવૈજ્ઞાનિક તેમજ વ્યવસાયિક મૂલ્યાંકનના આધારે વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવે છે. પ્રવેશ મેળવવા ઉમેદવારે બે પાસપોર્ટ સાઈઝના ફોટા અને બધાજ પ્રમાણપત્રો લઈ જવા જરૂરી છે.

વિકલાંગોમાં અંધ, બહેરામુંગા, અસ્થિવિષયક ૪૦ટકા તેથી વધુ ખોડ-ખાંપણ ધરાવતા, મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ જેનો આઈક્યુ ૫૦થી ૬૯ અંક ધરાવતા હોય તેમજ બિનચેપી રક્તપિત્ત ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવશે. આ તાલીમ કોર્સનો સમયગાળો ત્રણથી બાર માસનો રહેશે. આ કોર્સ માટે વર્ષ પર્યંત ગમે ત્યારે પ્રવેશપત્ર મેળવી શકાશે. તેમજ સરકારના નિયમોને આધિન રહી તાલીમાર્થીઓના શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે. આ ઉપરાંત બહારગામના પુરુષ તાલીમાર્થીઓ માટે રહેવાની મફત સગવડતા છાત્રાલયમાં જગ્યાના આધારે આપવામાં આવશે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા અમદાવાદના કુબેરનગર રેલવે અન્ડરબ્રીજ પાસે આવેલ આઈટીઆઈ કેમ્પસ ખાતે શનિ-રવિ સિવાય સંપર્ક કરી શકાશે. આ કેન્દ્ર પર એમઈએસ પેટર્ન હેઠળ મોડ્યુલર ટૂંકાગાળાના ધોરણે અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે જે ફી આધારિત છે. તેમજ સફળ ઉમેદવારને એનસીવીટી તરફથી પ્રમાણિત પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ કેન્દ્ર દ્વારા રોજગારી તેમજ નાણાંકીય સહાય પણ પ્રદાન કરાવવામાં સહાયરૂપ થવામાં આવે છે.

# પતિ-પત્નીની તકરાર જયારે ઉદ્‌ભવે છે ત્યારે બાળકો તેના ભોગ બનતા હોય છે બંને પક્ષકારોને સમજાવીને સમજણથી ઉકેલ લાવવો તે બાબત અગત્યની છે

## મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોશીપુરા

સ્ત્રીઓને લગ્ન વિષય તકરારમાં ઉભી થતી સમસ્યાઓમાં મુખ્ય સમસ્યા તે આશ્રય સ્થાન અંગેની છે. ઘણીવાર એવું બને કે પરીણિત સ્ત્રી ગમે તેટલા પ્રશ્નો ઉભા થયાં હોય છતાં પોતાના પતિનું ઘર છોડવા માંગતી ન હોય, આ એક અતિ વિકટ પરિસ્થિતિ હોય છે. જો ઘરમાં રહે તો કજીયા કંકાસનો સામનો કરવો પડે એટલું જ નહીં સાથે સાથે સલામતી અંગેના પણ પ્રશ્નો ઉભા થાય. આ બાબત એટલા માટે જણાવું છું કે હમણાં છેલ્લા ચાર- પાંચ દિવસના વર્તમાનપત્રોમાં આ પ્રકારની ઘટનાઓ આપણને જોવા મળી છે.

આ અઠવાડિયામાં અનેક વ્યથિત બહેનોને મળવાનું થયું અને વર્તમાનપત્રોમાં પણ જે પ્રમાણે પતિ-પત્નીની તકરાર બાબતે પત્નીને પતિએ આવેશમાં આવીને મારી નાખી હોય તેવી બાબત પણ બની તો વળી, કોઈ જગ્યાએ પત્નીને મારી નાખીને પતિ પણ આપઘાતની કોશિષ કરે છે. અરે કેટલીક ઘટનાઓમાં પતિએ પણ વિદાય લીધી અને બાળકો રસ્તે રઝળતા થયાં. આ બધી બાબતો શું સૂચવે છે? પતિ-પત્નીની તકરાર જયારે ઉદ્‌ભવે છે ત્યારે બાળકો તેના ભોગ બનતા હોય છે. લગ્ન વિષયક તકરારમાં મધ્યસ્થી અને કાઉન્સીલીંગ એ મોટો ભાગ ભજવે છે. જયારે બે પક્ષ વચ્ચે અરસપરસ અણબનાવ ઉભો થાય ત્યારે ઉભી થયેલી સમસ્યાના મૂળ સુધી પહોંચવું અને તે બાબતે બંને પક્ષકારોને સમજાવીને સમજણથી ઉકેલ લાવવો તે બાબત અગત્યની છે. પરંતુ આ બધી બાબત વચ્ચે જો અદાલતમાં કાર્યવાહી થાય તો વચગાળાના ભાગરૂપે પત્નીને સલામતી, શેલ્ટર અને ભરણપોષણની સ્વાભાવીક રીતે જરૂર ઉભી થાય છે અને આવા સંજોગોમાં અદલત પણ અરજી દાખલ થયા બાદ વચગાળાના હુકમ માટે કાર્યવાહી કરે છે. ચાલો આપણે વચગાળાના હુકમની કાયદાકીય જોગવાઈઓની કલમો જોઈએ.

કલમ-૨૩ : વચગાળાના હુકમની તેમજ એક તરફી હુકમ કરવાની સતા

(૧) આ કાયદા અંતર્ગત મેજીસ્ટ્રેટ પાસે ચાલતી કોઈપણ કાર્યવાહીના કામે જો નામદાર કોર્ટને વચગાળાનો હુકમ કરવાનું ન્યાયી અને યોગ્ય લાગે તો વચગાળાનો હુકમ કરી શકશે.

(૨) જો નામદાર કોર્ટને માનવાનું એવું કારણ ઉભું થાય કે, પ્રાથમિક રીતે જોતા પણ અરજી ઉપરથી એવું ફલીત થાય છે કે, સામાપક્ષકારે ઘરગથ્થું હિંસા કરી હતી અથવા કરી રહ્યો છે. અથવા ઘરેલું હિંસાની ઘટના થવાની સંભાવના છે ત્યારે નામદાર કોર્ટે નિર્દેષ્ટ ફોર્મમાં કરેલ સોગંદનામાના આધારે નામદાર કોર્ટ કલમ-૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ અંતર્ગતની અરજીના હુકમો સામાવાળાની વિરુદ્ધ અને ભોગ બનનાર અરજદારની તરફેણમાં કરી શકે છે.

કલમનું વિવરણ : - આ કલમમાં મેજીસ્ટ્રેટને વચગાળાનો હુકમ કરવાની સતા અંગે તેમજ ભોગ બનનાર અરજદારના સોગંદનામાના આધારે એક તરફી હુકમ કરવાની સતા અંગેની જોગવાઈ છે.

કલમ- ૨૪ : હુકમની નકલ કોર્ટ દ્વારા વિના મૂલ્યે પુરી પાડવી

આ કાયદા અંતર્ગત નામદાર કોર્ટે કરેલ દરેક હુકમની નકલ અરજીના પક્ષકારોને હુકુમતમાં આવતા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઓફિસરને તેમજ કોર્ટની હકુમતમાં આવતા સેવા પુરી પાડનાર કેન્દ્રને વિના મૂલ્યે હુકમની નકલ આપવામાં આવશે.

કલમનું વિવરણ : આ કલમમાં નામદાર કોર્ટે કરેલા હુકમની નકલ, અરજીના પક્ષકારો, પોલીસ ઓફિસર અને સેવા પૂરી પાડનાર કેન્દ્રને વિના મૂલ્યે પુરી પાડવાની જોગવાઈ છે.

કલમ- ૨૫ : હુકમનો સમયગાળો અને સુધારા વધારા

(૧) કલમ-૧૮ અંતર્ગત અરજદારે મેળવેલ રક્ષણ હુકમ ત્યાં સુધી અમલમાં રહેશે જયાં સુધી ભોગ બનનાર અરજદાર રક્ષણ હુકમ દૂર કરવાની અરજી ન કરે.

(૨) જો મેજીસ્ટ્રેટને સામાવાળા કે ભોગ બનનાર અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે એવું લાગે કે સંજોગોમાં પરિવર્તન આવેલ હોવાને કારણે હુકમમાં જરૂરી સુધારો વધારે કે તેને રદ્દ કરવાનું કારણ ઉભું થયેલ છે ત્યારે નામદાર કોર્ટ પોતાને યોગ્ય લાગે તે રીતે આ પ્રમાણે હુકમ લેખિતમાં રેકોર્ડ કરી શકશે.

કલમનું વિવરણ : આ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, રક્ષણ માટેના હુકમની અમલવારી જયાં સુધી ભોગ બનનાર અરજદાર આશ્રય સ્થાનમાંથી ડીસ્ચાર્જ થવાની અરજી ન કરે ત્યાં સુધી રક્ષણ હુકમ અમલીય રહેશે. વધારામાં જો નામદાર કોર્ટને સંજોગોમાં મૂળભૂત ફેરફાર થયેલા જણાય તો તે હુકમમાં સુધારો વધારો કે હુકમ રદ કરી શકે છે.

કલમ - ૨૬ : અન્ય દાવામાં તેમજ કાયદાકીય પ્રક્રિયામાં રાહત

(૧) આ કાયદાની અમલવારી પહેલા કે પછી ભોગ બનનાર અરજદાર તેમજ સામાવાળા દ્વારા દિવાની અદાલત, ફોજદારી અદાલત કે ફેમીલી કોર્ટમાં કરવામાં આવેલ કાનૂની પ્રક્રિયા અંતર્ગત પણ આ કાયદાની કલમ - ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ નીચે મળવા પાત્ર રાહત દાદ મેળવી શકે છે.

(૨) પેટા કલમ-૧માં સંદર્ભીત કોઈપણ રાહત દાદ ભોગ બનનાર અરજદાર દિવાની કે ફોજદારી અદાલતની કાનૂની કાર્યવાહી કે દાવાના કામે જે જે રાહ દાદ મળવા પાત્ર હોય તે મેળવી શકે છે.

(૩) જો ભોગ બનનાર અરજદારે આ કાયદા અંતર્ગતની કાનુની કાર્યવાહી સિવાયની અન્ય કાનૂની કાર્યવાહીના કામે જો કોઈ દાદ મેળવેલી હોય તો બનનાર અરજદાર નામદાર કોર્ટને આવી રાહત દાદ સંદર્ભે માહિતી આપવા બંધાયેલ છે.

કલમનું વિવરણ : આ કલમમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે ભોગ બનનાર અરજદાર આ કાયદા અંતર્ગત મેળવવા પાત્ર રાહત દાદ દિવાની અદાલત, ફોજદારી અદાલત કે ફેમીલી કોર્ટમાં ચાલતી કાનૂની કાર્યવાહીના ચાલતા કામે મેળવી શકે છે તેમજ ભોગ બનનાર અરજદારે આ કાયદા અંતર્ગત મળવાપાત્ર રાહત દાદ સિવાય અન્ય કાયદા અંતર્ગત જો રાહત દાદ મળેલ હોય તો તેની જાણ નામદાર કોર્ટને કરવાની રહેશે.

આ કોલમ વાચનાર અનેક બહેનોએ પોતાના પ્રશ્નો સંદર્ભે અને કાયદાકીય જાણકારી સંદર્ભે અમારો સંપર્ક કરેલ છે. કાયદાની વિશેષ છણાવટ સાથે અને આવેલ પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે મળીએ આવતે અંકે...